# ॥ ॐ શ્રી સાઈરામ ॥

# ॥ ॐ  શ્રી સાઈ ફલપ્રદાય નમ: ॥ (૮૧)

# આપણા કર્મોના ફળ પ્રદાન કરવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

આપણા કર્મના ફળ ભગવાન બાબા કેવી રીતે તરત જ આપે છે તે કહેતી આ એક વાર્તા. ભગવાન બાબા  ઈ.સ.૧૯૬૮ મા પૂર્વ આફ્રિકા ગયા હતા. તે વખતે ત્યાંના એક ગૃહસ્થે પ્રથમ જ બાબા વિશે સાંભળ્યું . પરંતુ પોતે તેમના. તે દર્શન લેવા જોઈએ એમ તેને લાગ્યું નહીં. એટલું જ નહીં પણ ત્યાંના એક કાર્યક્રમમાં ભાગ લેવા માટે તેની પત્નીને છોડીને બહારથી જ નીકળી ગયો. તે જ દરમ્યાન તેના એક ખાસ મિત્રએ તેને સ્વામીના દર્શનની  તાલાવેલી લાગી.

પરંતુ તેને ખબર પડી કે આજે ભગવાન બાબા ભારત પાછા જવા માટે નીકળવાના છે. એરપોર્ટ પર જઈને સ્વામીના દર્શન કરવા જોઈએ એમ એના મનમાં વિચાર આવ્યો અને ખૂબ જ ઓછો સમય રહ્યો હોવાથી તે ખૂબ જ વેગમાં ગાડી ચલાવતો ઘરે થી 40 કિલોમીટર દૂર એરપોર્ટ તરફ નીકળ્યો. આશરે અડધું અંતર કપાયા પછી તેને વિરુદ્ધ દિશાથી આવનારી ગાડીઓ દેખાઈ. તેમાની જાણીતી વ્યક્તિઓ ને જોઈને તેને પોતાની ગાડી રોકીને તેમને પૂછ્યું કે - ' તમે એરપોર્ટ પરથી આવો છો? ' ત્યારે તે લોકો બોલ્યા - " હમણાં જ ભગવાન બાબા એ તરફ પ્રયાણ કર્યું છે. તેમને છોડીને જ અમે પાછા ફરીએ છીએ." આમ સાંભળ્યા પછી તેમની સાથે પાછા ફરવાને બદલે તે હજુ વેગમાં એરપોર્ટ તરફ જવા લાગયો. રસ્તામાં સ્વામીની ક્ષમા યાચના કરે તો તે બોલ્યો - " તમે મારા ઘરની એકદમ નજીક જ આવ્યા હતા તો પણ મેં તમારા દર્શન કર્યા નહીં. હવે મને તમારી મહાનતા સમજાઈ છે. મેં જો કોઈ પુણ્ય કર્મ કર્યા હશે તો મને તમે દર્શન આપો." પ્રાર્થના પૂરી થતાં સુધી તે એરપોર્ટ પાસે પહોંચ્યો. ત્યાંના ઝાંપા પાસે શ્રદ્ધાયુક્ત અંતઃકરણથી તેણે પોતાનું માથું ટેકવ્યું અને અંદર જવા લાગ્યો.  આગળ જતા તેને રન વે પર એક વિમાન ઉત્તરતુ દેખાયુ. વિમાનનો દરવાજો ખૂલ્યો અને ' અહો આશ્ચર્યમ! તેમાંથી પ્રત્યક્ષ ભગવાન બાબા ઉત્તરતા હતા. તેના  આનંદ નો પાર ન રહ્યો. બન્ને આંખોમાંથી આંનદાશ્રુ વહેવા લાગ્યા.ગદ્ગદિત થઈને તે બોલ્યો – “ ભગવાન આજથી મારા હૃદયમાં કેવળ આપની જ મૂર્તિ હશે.”

આવું કેવી  રીતે થયું? ભગવાન બાબાને લઈને નીકળેલા વિમાનમાં કાંઈક ટેક્નિકલ ખરાબી થયાનું ધ્યાનમાં આવ્યું અને તે વિમાન પાછું મોકલવામાં આવ્યું. થોડી મિનિટોમાં જ આ ટેક્નિકલ ખરાબી દૂર કરવામાં આવી અને ભગવાન બાબા પાછા ભારત આવવા માટે નીકળ્યા. પ્રત્યક્ષ પરમેશ્વર હોવાવાળા સ્વામીને આ ખરાબીની શું ખબર ન હતી? કેવળ શુદ્ધ અંતઃકરણથી પોકારેલા ભક્તના

સાદને પ્રતિસાદ આપીને તેણે હમણાં સુધી કરેલા શુદ્ધ કર્મમના ફળ તરીકે જ તેને દર્શન આપવા માટે સ્વામી પાછા આવ્યા હતા.

સ્વામી કહે છે-“કર્મ એ એવું બીજ છે કે તેનામાંથી વૃક્ષ નિર્માણ થઈને તેનું ફળ તો મળવાનું જ છે. પરંતુ કર્મબીજ વૈરાગ્યના અગ્નિમાં શેકેલું હોય, તો તે નિષ્ફળ થઈને દુઃખમાંથી માણસને મુક્તતા પ્રદાન કરે છે.”

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||